# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-10-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : WEDNESDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) રાજ્યના 14 હજાર 852 ઔદ્યોગિક લાભાર્થીઓને એક હજાર 100 કરોડ રૂપિયાથી વધુનું પ્રોત્સાહન રકમ ચૂકવાઈ

2) દિવાળીના તહેવાર નિમિત્તે રાજ્યના રેશનકાર્ડ ધારકો માટે ઓક્ટોબરમાં જ અગાઉથી અનાજ અને ચીજવસ્તુઓનું વિતરણ શરૂ - વાજબી ભાવની દુકાનો પર સિંગતેલ અને ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

3) રાજ્યની આંગણવાડીઓમાં ગરમ રાંધેલા ભોજન માટે આંગણવાડી કાર્યકરોને સ્થાનિક ખરીદી માટે મળતા નાણાકીય દરમાં 67 ટકાનો વધારો.

4) પાકિસ્તાન મૂળના ઔદ્યોગિક સિંધવ મીઠું ભરેલા પાંચ કન્ટેનર કચ્છના કંડલા બંદરપરથી પકડાયા – DRIની કાર્યવાહી.

5) ભારતીય ટપાલ વિભાગ દ્વારા રાજ્યમાં ડાક ચૌપાલ માટે મૉબાઈલ થિએટર વૅન અભિયાનનો અમદાવાદમાં શુભારંભ.

6) ભારત અને વૅસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી-ટ્વેન્ટી શ્રેણીની ચોથી મેચ હૈદરાબાદમાં શરૂ.

----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# DyCM MSME INCENTIVE

રાજ્યના 14 હજાર 852 ઔદ્યોગિક લાભાર્થીઓને એક હજાર 100 કરોડ રૂપિયાથી વધુનું ઇન્સેન્ટિવ એટલે કે પ્રોત્સાહન રકમ ચૂકવવામાં આવી. ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાયેલા સિંગલ ક્લિક ચૂકવણી કાર્યક્રમ અંતર્ગત ઉદ્યોગકારોને આ રકમ મોકલવામાં આવી. આ પ્રસંગે શ્રી સંઘવીએ કહ્યું , અન્ય રાજ્યોમાંથી ગુજરાત પરત ફરતા 27 સાહસો સહિત મોટા ઉદ્યોગો તરફથી 346થી વધુ અરજીઓ સાથે સરકાર રાજ્યભરના ઉદ્યોગસાહસિકો , યુવાનો અને મહિલાઓ માટે નવી તકનું સર્જન કરવા પ્રતિબદ્ધ છે.

**(BYTE: HARSH SANGHAVI, DyCM) SINGLE CLICK PAYMENT**

*"પેહલા એમએસએમી ઇન્સેન્ટિવ અગર એને પ્રાપ્ત કરવું હોય તો એને બેંક લોન લેવી કમ્પલસરી હતી. આપણે એ બેંક લોનનો નિયમ બી નિકાલી લીધો કે અગર તમારી પાસે પોતાની મૂડી હોય તો નવા વ્યાજના ચક્કરમાં પડવાની જરૂર કોઈએ નથી. જે એમએસએમી જોડે જોડાયેલા લોકો છે, એ સીધેસીધી ઇન્સેન્ટિવ લઈ શકે તે પ્રયાસ ભી આપણે આ વખતે કર્યો છે."*

# RASHAN CARD FOOD DISTRIBUTION

દિવાળીના તહેવાર નિમિત્તે રાજ્યના રેશનકાર્ડ ધારકો માટે ઓક્ટોબરમાં જ અગાઉથી અનાજ અને ચીજવસ્તુઓનું વિતરણ શરૂ કરાયું. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકીએ કહ્યું, અન્ન પુરવઠા નિગમના ગોડાઉનથી વાજબી ભાવની દુકાન સુધી તમામ જણસીઓનું 96 ટકાથી વધુનું પરિવહન પૂર્ણ કરાયું. તેના ભાગરૂપે સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોને દિવાળીના તહેવાર નિમિત્તે દરવર્ષની જેમ આ વર્ષે પણ કાર્ડદીઠ શુદ્ધ સિંગતેલ એક લિટર તથા કાર્ડદીઠ એક કિલો ખાંડ વધારાની આમ કુલ 2 કિલોનું વિતરણ કરવાનું નક્કી કરાયું છે. વાજબી ભાવની દુકાનો પર સિંગતેલ અને ખાંડનો પુરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું પણ શ્રી સોલંકીએ જણાવ્યું.

# DYCM WORLD STANDARD DAY

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ ઉદ્યોગકારોને ગુણવત્તા , ઉત્પાદનના શ્રેષ્ઠતા અને વૈશ્વિક ધોરણો અપનાવવા અનુરોધ કર્યો. અમદાવાદમાં વિશ્વ માનક દિવસની ઉજવણી કાર્યક્રમને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું, વૈશ્વિક બજારમાં સ્થાન મેળવવા આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના ધોરણો અપનાવી ખામીરહિત ઉત્પાદન તરફ આગળ વધવું અનિવાર્ય છે. દરેક ઉત્પાદનની ગુણવત્તા ગ્રાહકનો વિશ્વાસ જીતવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તેમ પણ શ્રી સંઘવીએ ઉમેર્યું.

## (BYTE: HARSH SANGHAVI) WORLD STANDARDS DAY

***"ग्लोबल मार्केट में बहुत बड़ा स्कोप है, भारत के लिए लोगों का कहीं ना कहीं सभी देशों को भारत के व्यापारियों के साथ काम करने में इंटरेस्ट है। लेकिन हमें ये भी नक्की करना पड़ेगा कि हमारी ऐसी इंडिविजुअल क्या-क्या कमियां हैं कि जिसके कारण हम लोग ग्लोबल मार्केट में कहीं ना कहीं अटक रहे हैं। तो ये हम सबको इंडिविजुअली खुद की कंपनी, खुद की प्रोडक्ट्स पे इस पे ध्यान दें कि हमें इसमें सुधार लाना चाहिए।"***

# ANGANWADI COOKED MEAL

રાજ્યની આંગણવાડીઓમાં ગરમ રાંધેલા ભોજન માટે આંગણવાડી કાર્યકરોને સ્થાનિક ખરીદી માટે મળતા નાણાકીય દરમાં 67 ટકાનો વધારો કરાયો. અત્યાર સુધી પ્રતિલાભાર્થી પ્રતિદિવસ આ દર 5.10 રૂપિયાનો હતો. તે વધારીને હવે 8.50 રૂપિયા કરાયો છે.

આ નિર્ણયથી રાજ્યની 53 હજાર 65 આંગણવાડીઓમાં ભણતા ત્રણથી છ વર્ષના અંદાજે 16 લાખ 17 હજારથી વધુ બાળકોને વધુ પૌષ્ટિક આહાર મળશે. ગરમ રાંધેલા ભોજનની સાપ્તાહિક યાદીમાં મગ કઠોળનો સમાવેશ કરવાનો સ્પષ્ટ નિર્ણય પણ લેવાયો. આંગણવાડીઓમાં નાના ભૂલકાંઓને મળતા ગરમ અને પૌષ્ટિક ભોજનની વ્યવસ્થાને મજબૂત કરવા સરકાર દ્વારા આ નિર્ણય કરાયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું.

# DRI OPERATIN DEEP MANIFEST

મહેસૂલ ગુપ્તચર નિદેશાલય – DRI-એ કચ્છના કંડલા બંદર પરથી 24 લાખ પાકિસ્તાન મૂળના 41 હજાર રૂપિયાની કિંમત ના 140 મેટ્રિક ટન ઔદ્યોગિક સિંધવ મીઠુંના પાંચ કન્ટેનર કબજે કર્યા. નવા આયાતકારો પ્રતિબંધનો ભંગ કરીને માર્ચ 2026થી મુંદરા અને કંડલા બંદરો પર 295 જેટલા કન્ટેનર લાવ્યા હતા. DRI દ્વારા 26 સપ્ટેમ્બરથી 11 ઑક્ટોબર વચ્ચે ઑપરેશન ડિપ મેનિફેસ્ટ હેઠળ ગાંધીધામ , આદિપુર, વેરાવળ, પાણીપત, પુણે, પટિયાલા, દિલ્હી અને મુંબઈમાં જોડાયેલા પરિસરમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં પાકિસ્તાન, સંયુક્ત અરબ અમીરાત, શ્રીલંકા અને ભારતીય નાગરિકોની માલિકીની સંસ્થાઓને સાંકળતા એક કરતા વધુ રાષ્ટ્ર સાથે સંકળાયેલા નેટવર્કને પર્દાફાશ થયો છે. આ નેટવર્કે માલસામાનના પાકિસ્તાની મૂળને છૂપાવવા માટે શિપમેન્ટ અને સમર્થન આપતા દસ્તાવેજોનું સંકલન કર્યું હોવાનું સામે આવ્યું છે

# CITIZENSHIP CERTIFICATE

પડોશી દેશમાંથી આવીને સૌરાષ્ટ્ર –કચ્છમાં વસેલા 300થી વધુ શરણાર્થીઓને આવતીકાલે ભારતીય નાગરિકતા પ્રમાણપત્ર અપાશે. રાજકોટમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યોજાનારા આ સમારોહમાં રાજકોટ જિલ્લાના 259 , મોરબી જિલ્લાના 53 , સુરેન્દ્રનગર જિલ્લાના એક અને કચ્છ જિલ્લાના છ અરજદારોને નાગરિકતાના પ્રમાણપત્ર અપાશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP ANNOUNCEMENT

હવે પ્રાદેશિક સમાચાર વિભાગ તરફથી એક અગત્યની જાહેરાત સાંભળીએ..

(VOICE CAST: IMP ANNOUNCEMENT)

# GUJARAT ENERGY LIMITED RECORD

ગુજરાત ઉર્જા લિમિટેડે – GEL અને જીએસપીએલ ટ્રાન્સમિશન લિમિટેડ – GTLએ રાજ્ય સરકારને અત્યાર સુધીનું સૌથી વધુ 384 કરોડ 58 લાખ રૂપિયાનું ડિવિડન્ડ એટલે કે, નફાનો હિસ્સો ચૂકવ્યો. સરકારના તાબા હેઠળની કોઈ પણ કંપની દ્વારા એક જ નાણાકીય વર્ષમાં સરકારને ચૂકવાયેલું અત્યાર સુધીનું સૌથી વધુ ડિવિડન્ડ છે. આ ચૂકવણીમાં ગુજરાત ઉર્જા લિમિટેડ દ્વારા 324 કરોડ રૂપિયા અને GSPL ટ્રાન્સમિશન લિમિટેડ દ્વારા 60 કરોડ 67 લાખ રૂપિયાનો સમાવેશ થાય છે.

બંને કંપનીની આ નાણાકીય ભાગીદારી રાજ્યની આવકમાં વધારો કરવા ઉપરાંત વિકાસલક્ષી અને જનકલ્યાણલક્ષી કાર્યોમાં યોગદાન આપવાની દિશામાં મહત્વપૂર્ણ બનશે તેમ, સત્તાવાર યાદીમાં જણાવાયું.

# NAVRATRI CHOTHO DIVAS

નવરાત્રિના મહાપર્વના ચોથા નોરતે આજે માઁ દુર્ગાનાં ચોથા સ્વરૂપ માઁ કુષ્માંડાની પૂજા-અર્ચના કરવામાં આવે છે. મહેસાણામાં યાત્રાધામ બહુચરાજી મંદિરમાં પણ નવરાત્રિ નિમિત્તે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## (VC: JAYANTI CHAUDHARI)

*"યાત્રાધામ બહુચરાજી ખાતે આવેલા માં બહુચર માતાજીના મંદિરમાં પણ પરંપરાગત નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થયો છે. મંદિર ખાતે વિવિધ ધાર્મિક અને પરંપરાગત મુજબ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. મંદિર ખાતે પ્રક્ષાલન વિધિ પણ યોજાઈ હતી , જેમાં પવિત્ર જળથી વિધિ કરાઈ હતી. બીજા દિવસે ઘટસ્થાપનની વિધિ પણ યોજાઈ હતી , હવે શતચંડી યજ્ઞ પણ યોજાશે. દશેરાના દિવસે જવી રવીંતી તેમજ પાલખીયાત્રા પણ નીકળશે. માતાજીના મંદિરનું કામકાજ ચાલુ હોવાથી નવરાત્રી મહોત્સવ હેલિપેડ મેદાન ખાતે યોજાઈ રહ્યો છે. રાત્રે માઈભક્તો ઢોલ ના તાલે ગરબા રમી રહ્યા છે. નવરાત્રી હોવાથી શ્રદ્ધાળુઓ પણ મોટી સંખ્યામાં માતાજીના દર્શન કરવા આવી રહ્યા છે. જયંતી ચૌધરી, આકાશવાણી સમાચાર, મહેસાણા."*

ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક સંગઠન દ્વારા યોજાયેલા નવરાત્રિ મહોત્સવમાં દિવ્યાંગ શાળાના બાળકોએ માતાજીની આરતી કરી ગરબામાં ભાગ લીધો. દરમિયાન પોલીસ દ્વારા ગરબા પંડાલમાં સાયબર સુરક્ષા અંગે જાગૃતિ સ્ટૉલ તૈયાર કરાયા.

સુરતમાં ડુમસ પોલીસમથક વિસ્તારના વિવિધ સ્થળ પર પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરાયું. શહેરીજનો મનભરીને ગરબે ઘૂમે, આનંદથી નવરાત્રિ માણી સુરક્ષિત રીતે પોતાના ઘરે પરત ફરે તે માટે શહેર પોલીસ સજ્જ છે.

વલસાડમાં વડીલ બહેનોએ પ્રાચીન ગરબાની પરંપરા જીવંત કરી નવી પેઢીને સંસ્કૃતિના વારસાથી પરિચિત પ્રયાસ કર્યો . ભરૂચમાં 'સેવાયજ્ઞ સમિતિ' ખાતે આશ્રય લઈ રહેલા 250થી વધુ નિરાધાર લોકોએ માઁ અંબાની આરાધના કરી નવલી નવરાત્રીની ઉજવણી કરી.

નર્મદામાં રાજપીપળાના પ્રસિદ્ધ શ્રી હરસિદ્ધિ માતાજી મંદિરમાં નવરાત્રિ પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. અહીં તૈયાર કરાયેલી કળાત્મક રંગોળી પ્રદર્શન દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# EVE STATE WEATHER UPDATE

રાજ્યમાં હાલ ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યનું મહત્ત મ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. દરમિયાન આગામી 19 તારીખે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ આ અંગે વધુ માહિતી આપી

**(BYTE: PRADEEP SHARMA, SCIENTIST, IMD AHMEDABAD)**

***"आनेवाले दिनों में एक छोटी-मोटी जो पोषण प्रणाली की वजह से हम आइसोलेटेड रेन एक्सपेक्ट कर रहे हैं, गुजरात, सौराष्ट्र, कच्छ में डे सिक्स में, यानी कि 19 अक्टूबर को और उसमें जो विशेषकर जो जिले अभी हम एक्सपेक्टेड हैं उसमें अमरेली, भावनगर, सौराष्ट्र में और गुजरात रीज़न में नवसारी है, वलसाड है और यूनियन टेरिटरी में दमन, दादर नगर हवेली, इनमें आइसोलेटेड लाइट टू मॉडरेट रैन हम एक्सपेक्ट कर सकते हैं।"***

# DAK CHAUPAL IN GUJARAT

ભારતીય ટપાલ વિભાગ દ્વારા રાજ્યમાં ડાક ચૌપાલ માટે મૉબાઈલ થિએટર વૅન અભિયાનનો અમદાવાદમાં શુભારંભ કરાયો. ડાક સેવાઓ પ્રત્યે જનજાગૃતિ વધારવા, નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા તેમજ વિભાગની વિવિધ નાગરિક કેન્દ્રીત સેવાઓ લોકો સુધી પહોંચાડવાના હેતુથી આ અભિયાન શરૂ કરાયું છે.

ગુજરાત પરિમંડળના ચીફ પોસ્ટમાસ્ટર જનરલ ગણેશ સાવળેશ્વરકરે કહ્યું , આ અભિયાન અંતર્ગત મોબાઇલ થિયેટર વાન સમગ્ર ગુજરાત પરિમંડળના દરેક જિલ્લામાં વિવિધ નિર્ધારિત સ્થળોએ પહોંચશે અને દરેક સ્થળે ડાક ચૌપાલ યોજાશે. આ માધ્યમથી ગ્રામીણ નાગરિકોને ટપાલ વિભાગની સેવાઓ , યોજનાઓ અને સુવિધાઓ અંગે માહિતી અપાશે.

આ પ્રસંગે સાંસદ દિનેશ મકવાણાએ ડાક ચૌપાલ માટેનું મોબાઇલ થિયેટર વૅન અભિયાન ટપાલ વિભાગની વિવિધ સેવાઓ અને જનકલ્યાણકારી યોજનાઓને ગામેગામ અને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં અસરકારક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

# CRICKET 4TH T20 MATCH

ભારત અને વેસ્ટ ઇન્ડીઝ વચ્ચે પાંચ મેચની ટ્વેન્ટી-ટ્વેન્ટી શ્રેણીની ચોથી મેચ આજે હૈદરાબાદમાં રમાઈ રહી છે. રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં રમાતી મેચમાં શ્રેયસ અય્યરની આગેવાની હેઠળની ભારતીય ટીમે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ  શાઈ હોપની આગેવાની હેઠળની વેસ્ટ ઇન્ડીઝ ટીમે 3 ઓવરમાં વિના વિકેટે 40 રન કર્યા છે.

ગત રવિવારે ઇન્દોરમાં રમાયેલી ત્રીજી ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચમાં વેસ્ટ ઇન્ડીઝને 14 રનથી હરાવ્યા બાદ ભારત પાંચ મેચની આ શ્રેણીમાં બે–એકથી આગળ છે.